# મનપાને ગટર-પાણીના પ્રોજેક્ટ ઓએન્ડએમ કક્ષાએ સોંપવામાં આવે : મુખ્યમંત્રીનો નિર્ણય

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરમાં ગટરલાઈન અને નવી પાણીની પાઈપલાઈન નાખવાની કામગીરી ૮ માસ સુધી ચાલુ રહેશે. આ પ્રોજેક્ટ સત્વરે પૂર્ણ કરી અને મનપાને ઓપરેટ એન્ડ મેઈન્ટેન્સ પદ્ધતિ મુજબ સોંપવામાં આવે તેવો મહત્વનો નિર્ણય આજે મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં મળેલ સમીક્ષા બેઠકમાં લેવાયો હતો.

ગાંધીનગર શહેરમાં ગટર અને પાણીની નવી લાઈનો નાખવાની કામગીરી ખુબ ધીમી ચાલી રહી છે એટલુ જ નહિ પૂરણની કામગીરીને લઈ પણ શહેરની હાલત કફોડી બની હોવાની ઉઠેલી ફરિયાદો પછી આજે મુખ્યમંત્રીએ આ મુદ્દે સમીક્ષા બેઠક ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં યોજી હતી.

શહેરમાં વધેલી ફરિયાદો અંગે મનપાના હોદ્દેદારોએ પણ મુખ્યમંત્રી સમક્ષ આ મુદ્દે ફરિયાદો કરી હતી. કામની ધીમી ગતિને લઈ આજે અનેકવિધ ફરિયાદો રજુ કરાઈ હતી એટલુ જ નહિ પૂરણ યોગ્ય રીતે નહિ થતુ હોવાથી શહેરમાં કાદવ-કીચડની સ્થિતિ ઉભી થવા પામી છે. રોગચાળાની સ્થિતિનો ભય ઉભો થયો હોવાની ફરિયાદ પણ રજુ કરાઈ હતી તેમજ ખોદકામ દરમ્યાન ચાલુ લાઈનો તુટતાં પાણીનો વેડફાટ, ગેસ લાઈનો તુટવાની ફરિયાદો સહિતની ફરિયાદોનો મારો ચલાવવામાં આવ્યો હતો.

મુખ્યમંત્રીએ ફરિયાદોની ગંભીરતાને ધ્યાને લઈ સર્વગ્રાહી સમીક્ષા હાથ ધરી હતી. મનપાએ ગટર-પાણીની વ્યવસ્થા સોંપવાના સરકારના નિર્ણયને પગલે પણ રજુઆત કરતાં જણાવ્યુ હતુ કે અમારી પાસે ટેકનીકલ સ્ટાફ ઉપલબ્ધ નથી. નવી ભરતી કરવામાં સમય લાગશે ત્યારે આ પ્રોજેક્ટ ઓપરેટ એન્ડ મેઈન્ટેન્સ એજન્સી જ કરે ત્યાં સુધી મનપાના કર્મચારીઓ ટ્રેઈન થશે. જેથી પરિસ્થિતિ પણ સાનુકૂળ ઉભી થશે.

મુખ્યમંત્રીએ આ વાતનો સ્વીકાર કર્યો હતો અને ઓએનએમ સાથે પ્રોજેક્ટ સત્વરે પુરો કરવાની વાત સ્વીકારી તેમનો નિર્ણય જાહેર કર્યો હતો.



આજરોજ મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને ગાંધીનગર શહેરમાં કાર્યરત એવા બે મહત્વપૂર્ણ પ્રોજેક્ટ ૨૪ કલાક પાણી તથા ગટર વ્યવસ્થા અંગે ઉચ્ચ લેવલની કમિટીની મીટીંગનું આયોજન થયું હતું. જેમાં મુખ્ય સચિવ રાજકુમાર, શહેરી વિકાસ વિભાગના અગ્ર સચિવ અશ્વિનીકુમાર, પાણી પુરવઠા બોર્ડના અધ્યક્ષ ધનંજય ત્રિવેદી, મકાન વિભાગના સચિવ, મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ પંકજ જોશી, શ્રીમતી અવંતિકા સિંગ, ગાંધીનગરના મેયર હિતેશભાઈ મકવાણા, ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ, કમિશનર જે.એન. વાઘેલા હાજર રહ્યા હતા.

આ મિટિંગમાં મેયરની રજૂઆતને ધ્યાને લઈ મુખ્યમંત્રી દ્વારા બંને પ્રોજેક્ટ પૂર્ણ કરીને ઓએનએમ કક્ષાએ ગાંધીનગર મહાનગરપાલિકાને સોંપવા રજૂઆતના ધ્યાને લઈને એ મુખ્યમંત્રી દ્વારા મંજૂરી આપી હતી. આ દરમિયાન ગાંધીનગર મહાનગરપાલિકાએ જરૂરી ભરતી પ્રક્રિયા હાથ ધરી મહેકમ ઉભુ કરવાનું રહેશે. આમ મીટીંગના અંતે હાજર તમામ સભ્યોએ મુખ્યમંત્રીના નિર્ણયને સંમતિ આપી સ્વીકાર્યો હતો જે બાબતે મેયર દ્વારા મુખ્યમંત્રીનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો.

## મનપાએ શહેરમાં ૨૧૦૦ મે. ટન વેટ મીક્સ નાંખી રાહત આપવાનો પ્રયાસ કર્યો

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર મહાનગરપાલિકાએ ચોમાસા દરમ્યાન પડેલા ભુવા તેમજ પાઈપલાઈનો નાખ્યા પછી ઉભી થયેલી ખાબડ-ખૂબડની સ્થિતિને સરખી કરવામાં ૨૧૦૦ મે. ટન વેસ્ટ મીક્સ નાખ્યુ હોવાનું જાણવા મળેલ છે.

મનપાએ આ કામગીરી કરવા ઉપરાંત પાણી અને ગટર લાઈન માટે માર્ગ-મકાન વિભાગે પણ વેટ મીક્સ મોટી માત્રામાં શહેરભરમાં નાખ્યુ છે. ચોમાસાના કારણે આ વેટ મીક્સ પણ અસરકારક પુરવાર થયુ નથી તેમજ પૂરણની કામગીરી યોગ્ય રીતે ન થતાં ખર્ચ વધી જવા પામ્યો છે. આજે મુખ્યમંત્રી સમક્ષ યોજાયેલી બેઠકમાં આ બધી સ્થિતિની રજુઆતો થઈ હોવાનું જાણવા મળેલ છે.

# સેક્ટર-૭ માં ચ અને જ-૨ કક્ષાના ૯૬ મકાનો તોડી પડાશે

**જગ્યા ખુલ્લી કરવામાં આવશે : લાંબા સમયથી જોખમી અને કંગાળ ભાસતા જર્જરિત મકાનો તોડવાનુ કામ શરૂ કરી દેવાયુ : શહેરમાં સ્થિત જુદી જુદી કક્ષાના ૪૫૦૦ જોખમી મકાનો તોડવા માટે તબક્કાવાર મંજુરી આપવામાં આવી રહી છે**

ગાંધીનગર તા ૨૧

ગાંધીનગરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો સાડા ચાર દાયકાના અંતે જોખમી હોવાનુ સ્પષ્ટ થતા વિભાગ કક્ષાએથી તબક્કાવાર ભયજનક મકાનો તોડવા માટે મંજુરી આપવામાં આવી રહી છે. શહેરમાં અગાઉ કરવામાં આવેલા સર્વે મુજબ અંદાજિત ૪૫૦૦ જેટલા જોખમી મકાનો છે. જુના અને જોખમી મકાનો તોડીને નવા મકાનો બાંધવામાં આવી રહ્યા છે. ત્યારે સે- ૭ માં પણ ચ, ચ-૧ અને ચ- ૨ તેમજ જ- ૨ કક્ષાના કુલ ૯૬ મકાનો તોડવાનુ કામ શરૂ કરી દેવાયુ છે. આગામી બે મહીનામાં લાંબા સમયથી જોખમી અને કંગાળ ભાસતા આ મકાનો તોડીને જગ્યા ખુલ્લી કરી દેવાશે.

શહેરમાં એકબાજુ નવા મકાનો બાંધવા માટે તબક્કાવાર આયોજન કરવામાં આવી રહ્યુ છે. શહેરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો ભયજનક હાલતમાં હોવાથી સર્વેના અંતે જોખમી મકાનો તોડવા માટે તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવે છે. જયારે દરખાસ્તને મંજુરી આપી દેવામાં આવ્યા બાદ આવાસોનો કડુસલો કરવા માટેની કામગીરી હાથ ધરવામાં આવે છે. અત્યાર સુધી શહેરના સે- ૬, સે-૭ સે-૧૬, સે-૧૭ સે-૧૨, સે-૧૩ સે-૨૨ સે-૨૮ અને સે-૨૯ અને સે-૩૦ માં આવાસો તોડવામાં આવ્યા છે. જયારે હાલ પણ સેકટરોમાં સ્થિત જોખમી મકાનો પર બુલડોઝર ફેરવવામાં આવી રહ્યુ છે. શહેરમાં હવે રહેણાંકને લાયક મકાનોની સંખ્યા વિશેષ રહી નથી ત્યારે જુના અને જર્જરિત બ્લોક તોડીને જગ્યા ખુલ્લી કરવામાં આવી રહી છે. ગાંધીનગર અસ્તિત્વમાં આવ્યુ ત્યારબાદ તબક્કાવાર જુદી જુદી કક્ષાના મકાનો બાંધવામાં આવ્યા હતા કર્મચારીઓના વસવાટ માટે તૈયાર કરાયેલા આ આવાસો સાડા ચાર દાયકાથી વધુ સમયના અંતે જર્જરિત બનતા આવાસોના છતમાંથી પોપડા ખરવા સહીત અનેક નાની મોટી ફરિયાદો સતત ઉઠતી રહે છે. જયારે આ પૈકી ઘણાંખરા બ્લોક જોખમી હાલતમાં હોવાનુ પણ ધ્યાને આવ્યુ હતુ જેના અંતે માર્ગ મકાન વિભાગ કક્ષાએથી જોખમી બ્લોક સંદર્ભે શહેરમાં સ્થિત વિવિધ કક્ષાના સરકારી આવાસોનો સર્વે પણ કરવામાં આવ્યો હતો. જેના અંતે અંદાજિત ૪૫૦૦ જેટલા મકાનો જોખમી હોવાનુ ધ્યાને આવ્યુ હતુ પાટનગર યોજના વિભાગ કક્ષાએથી દોઢ દાયકા

● અનુસંધાન પાન-૭ પર

# કાલુપુર જી.ઈ.બી. બસ સેવા શરૂ થતા મુસાફરોને રાહત

**કોરોના કાળમાં આ રૂટમાં બસ સેવા બંધ થઇ ગઇ હતી : રજુઆતના અંતે બસ શરૂ થતા સવારે ટ્રેઇન પકડવા સ્ટેશને જવાનુ સરળ**

ગાંધીનગર તા ૨૧

ગાંધીનગરથી સવારે કાલુપુર રેલવે સ્ટેશન જવા માટે કોરોનાકાળ પુર્વે જી ઇ બી કાલુપુર રૂટમાં બસસેવા ઉપલબ્ધ હતી. પરંતુ કોરોનાના કપરા સમયમાં આ બસ સેવા બંધ થઈ હતી જયારે લાંબા સમયથી આ રૂટમાં સવારના સમયે બસ બંધ રહેતા સ્થાનિકોએ કાલુપુર સ્ટેશન ટ્રેઈન પકડવા સમયસર પહોંચવાનુ મુશ્કેલ બનતુ હતુ જયારે આ મામલે અનેકવાર સ્થાનિકો દ્વારા ડેપોને રજુઆત પણ કરવામાં આવી હતી જેના અંતે આ બસ સેવા આખરે શરૂ કરી દેવાતા સેકટરવાસીઓએ રાહતની લાગણી અનુભવી છે.

ગાંધીનગર એસ ટી ડેપોના રૂટમાં જરૂરી ફેરફાર કરવા માટે લાંબા સમયથી માંગ પ્રવર્તી છે. અગાઉ સેકટરોના રૂટમાં થઈને દોડતી શહેરી બસ સેવાના લીધે સેકટરવાસીઓને ઘર આંગણેથી જ સલામત સવારી નસીબ થતી હતી પરંતુ કોરોના કાળના અંતે બસના રૂટમાં પણ બદલાવ આવ્યો છે. એટલુ જ નહીં પરંતુ સેકટરોમાં ચોક્કસ માર્ગ પર થઈને રૂટમાં દોડતી બસસેવા પણ ખોરવાઈ જતા સેકટરવાસીઓને કેબ કે ખાનગી વાહન સેવાના આધારે જ મુસાફરી કરવાનો વારો આવ્યો હોવાનો આક્રોશ પણ નાગરિકો વ્યકત કરી રહ્યા છે. જયારે કોરોના કાળ પુર્વે કાલુપુર થી જી ઈ બી રૂટમાં દોડતી બસ પણ લાંબા સમયથી બંધ થઈ ગઈ હતી જેના લીધે સ્થાનિકોએ પણ આ બસ સેવા

● અનુસંધાન પાન-૭ પર

# શાળાઓમાં ઝડપથી ફેલાતો જતો કન્જકટીવાઈટીસ વાયરસ

ગાંધીનગર, તા. ૨૧

સતત વરસાદની સાથે સાથે છેલ્લા કેટલાક સમયથી આંખના ચેપની બીમારી વધી છે. તબીબી ભાષામાં જેને કન્જકટી વાઈટીસ કહે છે તેનો વાયરસ આ વખતે ખુબ ચેપી હોવાથી તે ઝડપથી ફેલાઈ રહ્યો છે. શાળાઓમાં આ બીમારીનો ચેપ ઝડપથી ફેલાતો હોવાથી બાળકો તેનો શિકાર બની રહ્યા છે.

છેલ્લા કેટલાક દિવસોથી આંખોને લાલ કરી દેતો, સુજાવી દેતો વાયરસ વકર્યો છે. અંખીયા મીલાકે ના નામથી પણ ઓળખાતા આ રોગના દર્દીઓ ઉત્તરોત્તર વધી રહ્યા છે. મહારાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં વ્યાપક બનેલા આ રોગના દર્દીઓ હવે ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં પણ જોવા મળી રહ્યા છે. કન્જકટી વાઈટીસ નામે ઓખાતા આ વાયરસ મોટાભાગે ચોમાસાની સિઝનમાં વકરે છે પરંતુ આ વખતે આ વાયરસ ખુબ વકર્યો છે અને ખુબ ઝડપથી ફેલાઈ રહ્યો છે.

શાળાઓમાં આ વાયરસનો ચેપ ખુબ ઝડપથી ફેલાઈ રહ્યો છે. બાળકોની ઈમ્યુનીટી નબળી

● અનુસંધાન પાન-૭ પર

## સંત સરોવરનો એક દરવાજો ખોલાયો : ૨૦૦ ક્યુસેકની જાવક

ગાંધીનગર, તા. ૨૧

સંત સરોવરનો એક દરવાજો ખોલવામાં આવ્યો છે અને હાલ ૨૦૦ ક્યુસેકની જાવક છે તેમ સરોવરની ડેમસાઈટના સૂત્રોએ જણાવ્યુ છે.

ઉપરવાસમાં થયેલ વરસાદને પગલે સંત સરોવર છલોછલ ભરાઈ જતાં એક દરવાજો ખોલવામાં આવ્યો છે. હાલ ૭૫ ક્યુસેકની આવક હોવાનું જાણવા મળેલ છે.

સંત સરોવર ભરાઈ જતાં શહેર અને તેની ૮ કિ.મી.ની ત્રિજ્યામાં આવેલ વિસ્તારના ભુગર્ભ જળ રિચાર્જ થતા હોય છે. આ વખતે ધરોઈમાંથી પાણી હજુ છોડાયુ નથી. પરંતુ જે રીતે ઉપરવાસમાં વરસાદ સારો થતાં સરોવરમાં પાણીની આવક થઈ છે. નદી પણ રિચાર્જ થઈ ગઈ છે.

# વરસાદી દિવસોમાં સેકટરોમાં દુવિધાઓનો અજગરી ભરડો

**રહીશો તોબા : વરસાદી દિવસોમાં સેકટરોમાં દુવિધાઓ ઉભરાઇ : મચ્છર ઉત્તપત્તિ સ્થાનો વધતા રોગચાળાનો ખતરો : મચ્છરોને ડામવા દવા છંટકાવ સહીતની કામગીરી હાથ ધરવા પ્રબળ માંગ : આંતરિક માર્ગોની દશા ચિથરેહાલ સ્ટ્રીટ લાઇટો પણ ડુલ રહેતા રાત્રિના સમયે નાના મોટા અકસ્માતો**

ગાંધીનગર તા ૨૧

ગાંધીનગરમાં સતત વરસાદી મોસમ વચ્ચે સેકટરોમાં અનેકવિધ દુવિધાઓ પાંગરતા સ્થાનિકો માટે મુંઝવણભરી સ્થિતિનુ નિર્માણ થયુ છે. સેકટરોમાં એકબાજુ આંતરિક માર્ગોની દશા આમ પણ ખરાબ છે. જયારે ઉબડ ખાબડ રોડ નેટવર્ક વચ્ચે ઘણાં ઠેકાણે સ્ટ્રીટ લાઈટો પણ ડુલ રહેતા વાહનચાલકો માટે જોખમી સ્થિતિ સર્જાઇ છે. રાત્રિના સમયે ખાડા ટેકરા વચ્ચે સેકટરોના આંતરિક માર્ગો પર અનેકવાર નાના મોટા અકસ્માત સર્જાય છે. જયારે બીજીતરફ વાદળિયા વાતાવરણ વચ્ચે મચ્છરોનો ઉપદ્રવ વધતા ડેન્ગ્યુ મેલેરિયા સહીતના રોગચાળાનો વધુ વકરે તેવી સ્થિતિ છે.

ગાંધીનગરમાં વરસાદી મોસમ વચ્ચે સેકટરોમાં અનેકવિધ દુવિધાઓ પાંગરી રહી છે. વરસાદી વાયરા વચ્ચે સેકટરોમાં ઠેર ઠેર ઉભરાતા પાણીના ખાબોચિયા વચ્ચે મચ્છર ઉત્તપત્તિ સ્થાનોના લીધે મેલેરિયા અને ડેન્ગ્યુ સહીતના રોગચાળો ગમે ત્યારે વકરે તેવી સ્થિતિ છે આવા સંજોગોમાં વાતાવરણ પણ છેલ્લા ઘણાં સમયથી મચ્છરો માટે ફેવરેબલ છે. જેના લીધે સેકટરોમાં મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે. કાદવ કિચ્ચડ અને ગંદકી વચ્ચે અનેકવિધ દુવિધાઓ સ્થાનિકો ભોગવી રહ્યા છે. સતત ખોદકામના લીધે રસ્તાઓની હાલત વધુ ઉબડ ખાબડ બની છે. જયારે વરસાદી દિવસોમાં માર્ગાનુ ધોવાણ થતા સેકટરોના આંતરિક માર્ગો પર સલામતી પણ જોખમાઈ છે. સેકટરોમાં આંતરિક માર્ગો પર મોટા ખાડા અસ્તિત્વમાં આવતા વાહનચાલકો ગમે ત્યારે ગોથુ ખાઈ જાય તેવી સ્થિતિ છે. શહેરના સેકટરોમાં માર્ગોના રીસરફેસીંગની કામગીરીનો સમય થઈ ગયો છે અલબત્ત નિયત સમયના અંતે માર્ગોની સુધારણા કરવા માટે કામને મંજુરી પણ આપી દેવામાં આવી છે પરંતુ પાણી ગટરની નવી લાઈનો નાંખવાની યોજનાના લીધે માર્ગોની સુધારણાનુ કામ અટવાયુ છે. ત્યારે વરસાદી દિવસોમાં માર્ગાની હાલત વધુ ખરાબ થઈ છે. જેના લીધે માર્ગો વચ્ચે ખોદાણના અંતે પુરાણ બાદ વરસાદી સંજોગોમાં માટી બેસી જતા માર્ગ વચાળે જ ખાડા અસ્તિત્વમાં આવ્યા છે. જેને અનુલક્ષી કોર્પોરેશન દ્વારા પુરાણ કરવા માટે પણ અભિયાન હાથ

● અનુસંધાન પાન-૭ પર



લીલુછમ ગાંધીનગર - શુક્રવારની સવારે કેમેરામા કેદ થયો ગાંધીનગરનો પ્રાકૃતિક વૈભવ... હરિયાળા વૃક્ષો પર છવાયેલું અવકાશી ધુમ્મસથી હીલ સ્ટેશનનો માહોલ ગાંધીનગરના નાગરિકોએ અનુભવ્યો હતો... હરિયાળું ગાંધીનગર એવું નયનરમ્ય લાગે છે એ તો આ તસવીર જ કહે છે... પરંતુ તેને જાળવવાની જવાબદારી શહેરના પ્રત્યેક નાગરિકની છે... પ્રકૃતિની પૂજા કરતી આપણી સંસ્કૃતિ આવતીકાલની ક્ષણે ક્ષણે ઉગતા વિકાસથી થથરે છે... આવો આપણે સૌ સાથે મળી પ્રકૃતિ, સંસ્કૃતિ અને વિકાસને સમતોલ દૃષ્ટિથી મુલવીએ... તો જ આ ભવ્યતા અને દિવ્યતા જળવાશે...

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality

ASTRAL PIPES

Pidilite Roff TILE & STONE FIXING EXPERT

Birla White THE WHITEST WHITE CEMENT

VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. : (ઓ) ૯૬૮૭૬ ૨૭૦૦૮

શાખા :
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૪૩૨૧૮૬, ૯૦૯૯૬૨૯૪૬

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

PRINCE PIPING SYSTEMS

Jaquar experience bathing

DR. FIXIT

# રાયોટિંગના ગુનામાં સાતને બે વર્ષની કેદની સજા કરાઈ

**રાયોટિંગના મામલે દહેગામ કોર્ટનો ચુકાદો : હરસોલી ગામની સીમમાં કાંટા નાખવા જેવી બાબતે ફરિયાદી ઉપર ટોળાએ એક સંપ કરીને હુમલો કર્યો હતો**

દહેગામ, તા.૨૧

દહેગામ કોર્ટે ઐતિહાસિક ચૂકાદો આપ્યો છે અને જેમાં રાયોટિંગના ગુનામાં ૭ આરોપીને ૨ વર્ષની જેલની સજાનો હૂકમ કર્યો છે. રસ્તામાં કાંટા નાખવા જેવી બાબતે ફરિયાદી ઉપર ટોળાએ એક સંપ કરીને હૂમલો કર્યો હતો અને જે કેસ કોર્ટમાં ચાલી જતાં આજે સજાનું એલાન કરવામાં આવ્યું હતું. કોર્ટના ચૂકાદા બાદ આરોપીઓમાં ફફડાટ ફેલાયો હતો અને કોર્ટ દરેકને રૂા.૪-૪ હજારનો દંડ પણ ફટકારવામાં આવ્યો છે. પાંચ વર્ષ પહેલાં હરસોલી ગામની સીમમાં કાંટા નાખવા જેવી બાબતમાં ફરિયાદી ઉપર ટોળાએ એક સંપ થઈને હૂમલો કર્યો હતો.

દહેગામના હરસોલી ગામમાં વર્ષ-૨૦૧૮માં ૨૭મી મેના રોજ રસ્તામાં કાંટા નાખવા જેવી બાબતે બોલાચાલી થઈ હતી. જેમાં આરોપીઓએ ગેરકાયેદર મંડળી રચી હતી અને ફરિયાદી તખતસિંહ માલસિંહ ચૌહાણ ઉપર હૂમલો કર્યો હતો. જે મામલે પોલીસ ફરિયાદ કરવામાં આવી હતી. આ કેસમાં આખરે પાંચ વર્ષ બાદ કોર્ટે ઐતિહાસિક ચૂકાદો જાહેર કર્યો હતો અને રાયોટિંગના ગુનામાં સૌ પ્રથમવાર ૭ આરોપીને ૨ વર્ષની સજાનો હૂકમ કર્યો હતો. આ કેસ દહેગામ પ્રિન્સીપાલ જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટની કોર્ટમાં ચાલ્યો હતો અને જજ વિશાલ પી. મહેતાએ ચૂકાદો આપ્યો હતો અને જેમાં સરકારી વકીલ બી.એમ.રાજપૂતની ધારદાર દલીલોના પગલે આ ચુકાદો આપવામાં આવ્યો છે. કોર્ટે આ કેસમાં જશવંતસિંહ પ્રભાતસિંહ ચૌહાણ,

● અનુસંધાન પાન-૭ પર

# વનતંત્ર આગામી સપ્તાહના અંતે દબાણો દુર કરવા ઝુંબેશ હાથ ધરશે

**અગાઉ ખ માર્ગ પર દબાણો દુર કરાયા હતા : શહેરના વન વિસ્તારમાં ઝુંપડા અને લારી ગલ્લાના દબાણો વધી રહ્યા છે ત્યારે વનતંત્ર દ્વારા દબાણો દુર કરવા સતત બે ટીમો કામે લગાડાશે**

ગાંધીનગર તા ૨૧

ગાંધીનગરમાં દબાણની સમસ્યા પણ રખડતા ઢોર જેવી છે. કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ સ્માર્ટ બનવા તરફ ગતિ કરતા નગરમાં દાયકાઓ જુની સમસ્યા યથાવત છે. શહેરના જાહેર સ્થળો ઉપરાંત હરિયાળી નિખારવા માટેનુ કેન્દ્ર ગણાતા વન આરક્ષિત વિસ્તારમાં પણ વર્ષોથી દબાણોની અવરજવર જોવા મળે છે. એકયા બીજા કારણોસર આ વનવિસ્તારમાં દબાણો ગોઠવાઈ જાય છે. જેમાં ઝુંપડાના દબાણો વિશેષ છે. જયારે લારી ગલ્લા પણ સ્થાન જમાવી લે છે. વનતંત્ર દ્વારા વનવિસ્તારમાંથી દબાણો દુર કરવા માટે આગામી દિવસોમાં ઝુંબેશ હાથ ધરવામાં આવશે આ માટે વનતંત્રએ ટીમ પણ બનાવી છે.

ગાંધીનગર શહેરમાં રખડતા ઢોરની જેમ દબાણોની સમસ્યા પણ વર્ષો જુની અને જટીલ છે. શહેરના સ્થાપના કાળથી આ સમસ્યાઓ યથાવત છે. શહેર સ્માર્ટ સીટી બનવા તરફ ગતિ કરી રહ્યુ હોવાની વાતો વચ્ચે નગરમાં વિકાસના અનેકવિધ કામો પણ પ્રગતિ હેઠળ છે. જયારે આમ નાગરિકોની સુખાકારી માટે માળખાગત સુવિધાના કામોને પણ અપગ્રેડ કરવામાં આવી રહ્યા છે જેમાં પાણી અને ગટરનુ કામ મુખ્ય છે. પરંતુ કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ દોઢ દાયકાના અંતે પણ રખડતા ઢોર તેમજ દબાણ અને પાર્કીંગ ના જટીલ પ્રશ્નનો ઉકેલ આવ્યો નથી શહેરના સેકટરોમાંથી દબાણો દુર કરવા માટે કોર્પોરેશન અનો પાટનગર યોજના ભવન સહીતના તંત્ર દ્વારા સમયાંતરે ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. પરંતુ દબાણ દુર કરવાની આ પ્રથા વર્ષોથી નાટકીય જ પુરવાર થઈ છે. જયારે દબાણ સાથે ગંદકી અને પાર્કીંગની સમસ્યા પણ આડકતરી રીતે જોડાયેલી છે. લાખોના ખર્ચે નિર્માણ કરાયેલા પાર્કીંગ પ્લેસ પર લારી ગલ્લાની હારમાળા જોવા મળે છે. જયારે વન આરક્ષિત વિસ્તારમાં પણ ઝુંપડાના દબાણો વધ્યા છે. આ ઉપરાંત લારી ગલ્લા પણ ગમે ત્યાં ગોઠવાઈ ગયા છે. શહેરના મુખ્યમાર્ગોની આસપાસ સ્થિત વન વિસ્તારની આમ પણ લાંબા સમયથી વનતંત્રએ દરકાર લીધી નથી જેના લીધે વન વિસ્તારમાં ગંદકી અને રખડતા ઢોર સહીત દબાણનુ સામ્રાજય છે.

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com